# બાળલગ્નો અને ઠાકોર સમાજ

લેખકશ્રી : મુકેશ ઠાકોર

**બાળલગ્નનો ખ્યાલ :**

બાળલગ્ન એટલે દીકરા - દીકરીની ચોક્કસ વય મર્યાદા કાયદા અંતર્ગત નક્કી કરવામાં આવી હોય તે પહેલાં અથવા જે દીકરાની ઉંમર ૨૧ વર્ષ અને દીકરીની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોય અને તે પહેલા જો લગ્ન કરાવવામાં આવે તો તે બાળલગ્ન છે એમ કહી શકાય. જે કાયદાકીય રીતે આવા લગ્નો બિન કાયદેસર ગણવામાં આવે છે અને ગુનો બને છે. બાળલગ્ન કરનાર અને કરાવનાર બંને ગુનેગાર બને છે. બાળલગ્નના મૂળ આમ તો ઘણા ઊંડા છે, પરંતુ ૨૧મી આધુનિક સદીમાં હજું પણ આ સમસ્યા ટકી રહી છે તે એક ગંભીર અને શરમજનક બાબત છે. ખાસ કરીને એવા સમાજો માટે કે જે હજું પણ આવી સમસ્યાથી ઘેરાયેલાં છે. આજે દેશ ૨૧ મી સદીમાં ચંદ્ર સુધી પહોંચી ગયો છે પરંતુ અમુક સમાજોમાં આવી પાયા વિહોણી સમસ્યાઓ અવરોધ રૂપ બની સમાજનો વિકાસ અટકાવી બેઠી છે.

બાળલગ્ન બાળકોના અધિકારનું હનન કરે છે, તેમના વિકાસમાં અવરોધ રૂપ બને છે. જીવનને અવળી દિશા તરફ દોરી જાય છે, તેમ છતાં આજે અમુક સમાજમાં લોકોની આંખ ઉઘડતી ન હોય તેવું ઠેર ઠેર ઘણી જગ્યાએ જોવા મળે છે. જે નજર સામે ઘણાં જોયેલાં અનુભવો તેમજ ઉદાહરણો છે. જે ઉંમરે વિકાસ કરવાનો હોય, રમવા ખેલવાનું હોય, જીવનની કારકિર્દી ઘડવાની હોય, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનું હોય, સ્વતંત્રતા ભોગવવાની હોય, માતા-પિતાના સપના પૂરા કરવાના હોય એવા સમયગાળા દરમિયાન આપણી ઉપર કોઈ જવાબદારી ઠોકી બેસાડી દેવામાં આવે તો શું થાય ? આવું જ કંઈક બાળલગ્ન કરનારની સાથે થતું હોય છે. જીવનની શરૂઆત થતાંની સાથે જ ઘણીવાર જીવન અંતિમ દિશા તરફ ધકેલાઈ જતું હોય છે. બાળલગ્નની સાથે સાથે ઘણી બધી સમસ્યાઓ આડકતરી રીતે જોડાયેલી હોય છે, જે વ્યક્તિના જીવનને અધ મૂવો કરી મૂકે છે.

**બાળલગ્ન અધિનિયમની ખાસ જોગવાઈઓ વિશેની જાણકારી :**

૧. દરેક જિલ્લામાં બાળલગ્ન અટકાયત અધિકારી અને તેમનો વિભાગ હોય છે.

૨. બાળલગ્ન અટકાયતની કામગીરી માટે દરેક જિલ્લામાં બાળ સુરક્ષા એકમ હોય છે.

૩. અધિનિયમ અંતર્ગત લગ્નની ઉંમર પુરુષ માટે ૨૧ વર્ષ અને સ્ત્રી માટે ૧૮ વર્ષ નિર્ધારિત કરવામાં આવેલ છે.

૪. અધિનિયમ અંતર્ગત બાળ લગ્ન કરનાર અને કરાવનારને સજા થઈ શકે છે તે મુજબ ૨ વર્ષની સખત કેદ અને રૂપિયા ૧ લાખ સુધીનો દંડ થવા પાત્ર છે

૫. અધિનિયમ અંતર્ગત બાળલગ્નનું આયોજન કરનાર કે સંચાલન કરનારને પણ સજાની જોગવાઈ મુજબ ૨ વર્ષની સખત કેદ અને રૂપિયા ૧ લાખનો દંડ થવા પાત્ર છે.

૬. અધિનિયમ અંતર્ગત બાળલગ્નમાં સહભાગી થનાર જાહેર સેવક, સામાજિક આગેવાન, નેતા તેમજ બાળલગ્નમાં સેવા આપનાર પુજારી, ફોટોગ્રાફર, કેટરીંગ કોન્ટ્રાક્ટર, મંડપ વાળા માટે પણ સજાની જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ સજા અને દંડ થવા પાત્ર છે.

૭. અધિનિયમ અંતર્ગત ગ્રામ્ય સ્તર પર લગ્ન નોંધણી અધિકારી તરીકે તલાટી કમ મંત્રીશ્રીને જવાબદારી સોંપવામાં આવેલી છે.

૮. બાળલગ્ન અધિનિયમ અંતર્ગતનો ગુનો  બિનજામીન પાત્ર અને માંડવાળ ન કરી શકાય તે પ્રકારનો છે.

**બાળલગ્ન અને ઠાકોર સમાજ :**

બાળલગ્ન અને ઠાકોર સમાજ એકબીજાના પૂરક હોય તેવું પ્રાથમિક નજરે જોવા મળે છે. એવું પણ નથી કે બીજા સમાજમાં બાળલગ્ન થતાં નથી, પરંતુ ઠાકોર સમાજમાં અન્ય સમાજ કરતા આ પ્રમાણ સવિશેષ વધુ જોવા મળ્યું છે. જેમ કે વર્તમાન સમયની વાત કરીએ તો ગુજરાતમાં બાળલગ્નનું સૌથી ઊંચું પ્રમાણ ધરાવતો જિલ્લો ખેડા છે. ત્યાર બાદ બીજા નંબરે બનાસકાંઠા અને ત્રીજા નંબરે પાટણ જિલ્લો આવે છે. એટલે કે જ્યાં ઠાકોર સમાજની વસ્તી વધારે છે ત્યાં આ પ્રમાણ ઊંચું નોંધાયેલું જોવા મળે છે. સૌથી વધુ ખેડા જિલ્લામાં બાળલગ્નનું પ્રમાણ ૪૯.૨૦ % ત્યાર બાદ બનાસકાંઠામાં ૩૭.૩૦ % અને પાટણ જિલ્લામાં ૩૫.૪૦ % જેટલું છે.

ઠાકોર સમાજ મોટેભાગે ખેતી અને પશુપાલન સાથે જોડાયેલો સમાજ છે. તે ઉપરાંત મોટાભાગનો સમાજ ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંક ધરાવે છે અને શિક્ષણનું પ્રમાણ ઠાકોર સમાજમાં ખૂબ નીચું છે. ખેતી અને પશુપાલનમાં પણ અદ્યતન ટેકનોલોજી અને સુવિધાનો અભાવ જોવા મળે છે. મોટેભાગે સંયુક્ત કુટુંબ પ્રથા સાથે સંકળાયેલો સમાજ છે. આજીવિકાના ચોક્કસ સાધનો નથી, પરિણામે આર્થિક સ્થિતિ મધ્યમ અને ગરીબ વર્ગની છે. સામાજિક રૂઢિગત પરંપરાગત વ્યવસ્થા અને સામાજિક કૂરિવાજો પણ ઘણા બધા છે. જે ૨૧ મી સદીમાં પણ સવિશેષ જોઈ શકાય છે. સામાજિક કૂરિવાજોની વાત કરીએ તો ખાસ કરીને વ્યસનો, દહેજ પ્રથા, વિધવા પુન: લગ્ન, જાતિગત ભેદભાવો, લગ્ન મરણના રીત રિવાજો, બાળ લગ્નો વગેરે જેવા કૂરિવાજો વર્તમાન સમયમાં પણ જોવા મળે છે. જેમાં ખાસ કરીને બાળલગ્ન એ એક ગંભીર સામાજિક દૂષણ છે જેનું પ્રમાણ ઠાકોર સમાજમાં વધુ છે. ઘણીવાર બાળલગ્ન કરવા પાછળના ઘણાં બધા કારણો એકદમ પાયા વિહોણા હોય છે. જેમાં ખાસ કરીને સમાજમાં શિક્ષણનો અભાવ અથવા ઓછું શિક્ષણ જવાબદાર ગણાવી શકાય. જેથી બાળલગ્ન અને ઠાકોર સમાજ એકબીજા સાથે ગુંથાયેલા હોય તેવું સ્પષ્ટપણે જોઈ આવે છે.

બાળલગ્ન એક ગંભીર સમસ્યા છે, જે સામાજિક વ્યવસ્થામાં ઘણાં અવરોધો અને અડચણો ઊભા કરે છે. બાળલગ્નને કારણે સામાજિક, આર્થિક, માનસિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. બાળલગ્ન નામનો કૂરિવાજ સમાજમાં એક ઉધઈ જેવું કામ કરે છે, જે સમાજ વ્યવસ્થાને અંદરથી ખોખલી બનાવી દે છે. આથી ઠાકોર સમાજમાં વસ્તીના પ્રમાણથી જોતા વિશાળ લાગે છે, પરંતુ સામાજિક વિકાસના માપદંડો સાથે સરખામણી કરવામાં આવે તો પરિણામો ઘણા નિરાશા જનક અને ચોકાવનારા છે, જે એક ગંભીર બાબત છે.

ઠાકોર સમાજમાં સંયુક્ત કુટુંબ પ્રથાનું પ્રમાણ વધારે છે. જેથી સંયુક્ત કુટુંબોમાં ઘણીવાર લાભની સાથે નુકશાન પણ ભોગવવું પડે છે. ઘણીવાર કુટુંબમાં વધારે વ્યક્તિઓ કમાવનાર હોવાથી કામની નોંધ લેવામાં આવતી નથી. તે ઉપરાંત માતા પિતા દીકરા – દીકરીના લગ્નની જવાબદારીમાંથી જલ્દી મુક્ત થઇ જવા પણ બાળલગ્નો કરતાં હોય છે. સંયુક્ત કુટુંબમાં ઘણીવાર બાળકોનો ઉછેર કરવો સરળ રહે છે તેમજ ઘણીવાર વ્યક્તિદીઠ આવકની નોંધ પણ લેવામાં આવતી નથી.

બાળલગ્નથી ઘણીવાર માનસિક સમસ્યાઓનો સામનો પણ કરવો પડતો હોય છે. નાની ઉંમરે લગ્ન કરવાથી દીકરા - દીકરી બંનેનું જીવન અવરોધાય છે. સ્ત્રીના નાની ઉંમરે લગ્ન થવાથી તે નાની ઉંમરે જ માતા બની જાય છે, પરિણામે કુપોષણ, કૂસુવાવડ, માતા મરણ, બાળ મરણ, નાની ઉંમરે વિધવા જેવી સમસ્યાઓ ઉભી થતી હોય છે. તે ઉપરાંત નાની ઉંમરે લગ્ન કરવાથી પ્રજનનકાળ લાંબો ચાલતો હોવાથી વસ્તી વધારો જેવી સમસ્યાઓ પણ ઉદ્‌ભવતી હોય છે.

બાળલગ્નથી ઘણીવાર આર્થિક સમસ્યાઓ પણ ઉદભવતી હોય છે. સંયુક્ત કુટુંબ હોવાથી ઘરમાં કમાવનાર ઘણા હોય છે, પરિણામે કોણ કમાય છે અને કોણ નથી કમાતુ તેની ચોક્કસ નોંધ લેવામાં આવતી નથી. સંયુક્ત કુટુંબ હોવાથી ખર્ચાઓ પણ ખાસ સમૂહ રીતે કરવામાં આવતા હોય છે. જેથી કોઈ એક બાળક પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવતું નથી અને તેનો ઉછેર પણ સમૂહ રીતે થતો હોય છે.

ઠાકોર સમાજમાં ઘણા પરંપરાગત રૂઢિચૂસ્ત રીત રિવાજો અને સમાજ વ્યવસ્થા માટે સામાજિક માળખું જવાબદાર છે. ઘણીવાર દીકરા – દીકરીના લગ્ન જલ્દી થઈ જાય તેવું માતા-પિતા ઈચ્છતા હોય છે, જેથી તેઓ જવાબદારીમાંથી ઝડપથી મુક્ત થઈ શકે. દીકરો – દીકરી અભ્યાસ કે કંઈક કામ ધંધો કરતાં ન હોય તો પણ જલ્દીથી લગ્ન કરાવી દેવામાં આવે છે. ઘણીવાર લોકોમાં સમજણ અને શિક્ષણના અભાવના કારણે પણ બાળકોના લગ્ન જલ્દી કરી દેવામાં આવતાં હોય છે. ઘણીવાર એક સાથે બે કે તેથી વધુ બાળકોના લગ્ન એક જ મંડપમાં એક જ ખર્ચામાં સાથે કરવા માંગતા હોવાથી પણ બાળલગ્નોને ઉત્તેજન મળતું હોય છે.

**બાળલગ્ન અટકાવવા માટેના ઉપાયો** :

લગ્ન, કુટુંબ અને સામાજિક વ્યવસ્થાને મજબૂત બનાવવા સમાજમાં પરિવર્તન આવવું ખૂબ જ જરૂરી છે. ચોક્કસ ધોરણોને ધ્યાને રાખી સમયાંતરે સામાજિક સુધારાઓ કરવા અતિ આવશ્યક છે. વિશ્વ જ્યારે ટેકનોલોજી અને આધુનિક યુગ તરફ પ્રયાણ કરી રહ્યો હોય ત્યારે આવા સમાજોએ પણ પોતાના રીત રિવાજો અને સામાજિક સુધારાઓમાં પણ ચોક્કસ પરિવર્તન અપનાવવું જરુરી છે. તેવી જ રીતે ઠાકોર સમાજમાં પણ આવા સમાજના વિકાસને અવરોધતા રીત રિવાજો સદંતર ધોરણે નાબૂદ થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ. સમાજના બંધારણોમાં પાયાથી માંડી છેલ્લી ઘડી સુધીના ફેરફારો થવા જોઈએ અને સમાજને અનુકૂળ નિર્ણયો લેવાવા જોઈએ. જો આ બધું અત્યારે વર્તમાન સમયમાં સમયસર કરવામાં નહી આવે તો ક્યાંક દેશ દુનિયાથી વિખૂટા પડી જશો, પરિણામે મોટા પ્રમાણમાં સામાજિક નુકસાન ભોગવવાની તૈયારી રાખવી પડશે. જેથી આવા દૂષણોથી બચવા આવા દૂષણોને સદંતર અટકાવવા એ જ માત્ર એક ઉપાય છે.

આવા સામાજિક દૂષણને અટકાવવાના ઘણા સમયથી પ્રયત્નો કરવામાં આવે છે. તેમ છતાં આજે પણ એમાં ચોક્કસ ધાર્યા મુજબના પરિણામો મેળવી શકાયા નથી. આમ, આવા સામાજિક ગંભીર દૂષણો અને કૂરિવાજો અટકાવવા ઘણા મહાનુભાવોએ પોતાના અથાગ પ્રયત્નો કર્યા છે અને તેમનુ જીવન હોમી દીધું છે. જેમાં આપણા રાષ્ટ્રપિતાશ્રી મહાત્મા ગાંધી, રવિશંકર મહારાજ, રાજારામ મોહન રાય, વગેરેએ પોતાના થકી થતાં અથાક પ્રયત્નો કર્યા છે. પૂજ્ય રવિશંકર મહારાજે તો એમનું આજીવન પાટણ વાડીયા અને બારૈયા ઠાકોરના હકો અને અધિકારો માટે સમર્પિત કર્યું હતું. એવા "મુઠ્ઠી ઉંચેરા" માનવીને હું પણ આદર્શ માનું છું. શ્રી ઝવેરચંદ મેઘાણીએ "માનસાઈના દીવા" પુસ્તક લખી શ્રી રવિશંકર મહારાના કડવા-મીઠા અનુભવોને સુંદર રીતે રજૂ કર્યા છે. તે ઉપરાંત મારા ખાસ મિત્ર એવા તરસંગજી ઠાકોરે પણ વર્ષ ૨૦૧૦ માં ગુજરાત ભરમાં ૬૦૦૦ કિલોમીટર સાઈકલ પર સવારી કરી બાળલગ્ન નાબૂદી માટે પોતે ભ્રમણ કર્યું હતું. તેમજ હમણાં તેઓએ બાગભ્રંશ નામનું બાળલગ્ન અટકાવવાના પ્રયાસના ભાગરુપે સરસ પુસ્તક પણ લખ્યું છે. આમ, ઠાકોર સમાજ બાળલગ્નની સંપૂર્ણપણે તિલાંજલિ આપે તેવા પ્રયત્નો આપણે સૌએ સાથે મળીને કરવાના છે અને સમાજને આ મહા મુસીબત કૂરિવાજમાંથી બહાર લાવવાનો છે. આજ રોજ આ લેખથી હું પણ પ્રતિજ્ઞા કરું છું "કે સમાજમાં આવા ક્યાય પણ બાળલગ્ન થતા હશે ત્યાં તેવા લગ્નમાં હું ક્યારેય જઈશ નહીં" એવી ખાતરી આપું છું. તેવી રીતે સમાજના તમામ લોકોએ આ વિષયને ખૂબ જ ગંભીરતાથી લેવાની જરૂર છે. આપણી પાસે કોઈ બ્રહ્માસ્ત્ર નથી કે એક વાર ઉપયોગ કરવાથી આ સમસ્યા નાબૂદ થઈ જશે તે માટે સમાજના તમામ લોકોએ જાગૃત થવું પડશે, અભિયાન ચલાવવા પડશે તો આ દિશામાં ચોક્કસ પરિવર્તન લાવી આવનાર પેઢીને એક સાચી દિશા આપી શકીશું, જે માટે બાળલગ્ન અટકાવવા માટેના ખાસ ઉપાયો નિચે મુજબ છે.

૧. સામાજિક સુધારણાના કાર્યક્રમો કરવા અને રોજગારની તકો ઉભી કરવી.

૨. લોકોને કૂરિવાજો પ્રત્યે જાગૃત કરવા.

૩. સમાજે પોતાના બંધારણ બનાવી ખોટા ખર્ચ કે કૂરિવાજો બંધ કરવા જોઈએ.

૪. અંધશ્રધ્ધામાંથી બહાર આવવું.

૫. આવા બાળલગ્નો થતા હોય ત્યાં સમાજે વિરોધ કરવો જોઈએ.

૬. કાયદાની આંટી ગુટ્ટી વ્યવસ્થામાં ફસાવવું ન પડે તે માટે કાયદાની જોગવાઈઓનો અમલ કરવો જોઈએ.

૭. બાળકોના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માતા પિતાએ બાળકોને પ્રેરક કરવા પ્રોત્સાહન આપવું.

૮. લગ્ન સાથે સંકળાયેલ મંડપ, સેવા, ફોટોગ્રાફી, રસોયા વગેરેને આવા લગ્નમાં ખાતરી કર્યા વગર પોતાની સેવા ન આપે તે માટે જાગૃત કરવા.

૯. સમૂહ લગ્ન માટે મોટેભાગે સમૂહ લગ્ન પ્રથા અપનાવી અને તેનો વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરવો.

આમ કોઈપણ જગ્યાએ આવા બાળલગ્ન થતા હોય ત્યાં કોઈપણ વ્યક્તિ સરકારી તંત્રને જાણ કરી શકે છે. સરકારી તંત્ર દ્વારા જાણ કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવતી હોય છે. જેથી આ તબક્કે સમાજના દરેક વ્યક્તિ પાસેથી આશા રાખું છું કે આ માહિતીને સમાજમાં વધુને વધુ પ્રચાર પ્રસાર કરશો અને પોતાની નૈતિક ફરજ સમજી સમાજને આ દૂષણમાંથી મુક્તિ અપાવવા સહભાગી બનશો એવી આશા વ્યક્ત કરુ છું.

TECHNIX INTERNATIONAL JOURNAL FOR ENGINEERING RESEARCH
TIJER
OPEN ACCESS JOURNAL